# ગુજરાતમાં ઉચ્ચશિક્ષણની કેવી અને કેટલી વ્યવસ્થા ?

વેકેશન પૂર્વે પરીક્ષા લેવાય અને વેકેશન બાદ પરિણામો આવે, ત્યારે દરેક વળી વિચારતો હોય છે કે, મારે મારા બાળકને ક્યાં પ્રવેશ અપાવવો. જે માટે એક કરતા વધુ બાબતો વિચારના માંગી લે છે. પરંતુ આ સમયગાળા દરમિયાન વાલીઓ અને શિક્ષકો કે અધ્યાપકોમાં થતી ચર્ચા વધુ મહત્વની સાબિત થાય છે. ત્યારે ચર્ચા કરનાર કે અભિપ્રાય આપનારને ઘણી વખત એ પણ ખ્યાલ નથી હોતો કે, ગુજરાતમાં ઉચ્ચશિક્ષણની કેવી અને કેટલી વ્યવસ્થા છે. ત્યારે કેટલાક લોકો સરકારની ખામીઓ કાઢશે તો વળી કેટલાક લોકો સરકારના વખાણ કરશે. જે તેમની માન્યતા હોય છે, સચ્ચાઈ બહુ ઓછી હોય છે. ત્યારે આજનો આ લેખ ગુજરાત રાજ્યને ધ્યાનમાં રાખીને લખાયો છે કે, આપણા રાજ્યમાં ઉચ્ચશિક્ષણની પરિસ્થિતિ કેવી છે ? અહી આપેલા આંકડાઓ ગત વર્ષના એટલે કે ૨૦૧૫-૧૬ ના છે.

ગુજરાત રાજ્યમાં કુલ ૬૪ યુનિવર્સિટી છે. જેમાં સેન્ટ્રલ યુનિવર્સિટી-૧ , ડીમ્ડ યુનિવર્સિટી કે જેને સરકારી ગ્રાન્ટ મળે છે તે ( ગુજરાત વિદ્યાપીઠ)-૧, ડીમ્ડ યુનિવર્સિટી કે જે પ્રાયવેટ છે તેવી -૧, ઇન્સ્ટીટયુટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ – ૦૫, સ્ટેટ ઓપન યુનિવર્સિટી ( ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી) -૦૧, સ્ટેટ પ્રાયવેટ યુનિવર્સિટી – ૨૬, સ્ટેટ પબ્લિક યુનિવર્સિટી – ૨૮ અને અન્ય – ૦૧ છે.

ગુજરાતમાં કુલ ૨૨૦૪ કોલેજો અને ૩૦૧ ઇન્સ્ટીટયુટ છે. જેમાંથી ૨૬ ટકા જેટલી સરકારી અને ૭૪ ટકા જેટલી પ્રાયવેટ કોલેજો છે. ગુજરાતની પચાસ ટકા જેટલી કોલેજો માત્ર છ જિલ્લા – અમદાવાદ, રાજકોટ, આણંદ, મહેસાણા, સુરત અને ગાંધીનગરમાં આવેલી છે, વડોદરા જીલ્લો દસમાં ક્રમાંકે આવે છે. તેના કરતા સાબરકાંઠા, જૂનાગઢ અને ભાવનગરમાં વધુ કોલેજો છે. એમાં પણ ૩૦ ટકા યુનિવર્સિટી ગ્રામ્ય વિસ્તારમાં છે તો ૭૦ ટકા જેટલી યુનિવર્સિટી શહેરી વિસ્તારમાં છે. કોલેજોની વાત કરીએ તો ૫૭ ટકા જેટલી કોલેજો ગ્રામ્ય વિસ્તારમાં છે અને ૪૩ ટકા જેટલી કોલેજો શહેરી વિસ્તારમાં છે. અહી નોધ લેવાની થાય કે, ગ્રામ્ય વિસ્તારમાં યુનિવર્સિટી શહેરી વિસ્તાર કરતા અડધી પણ નથી, છતાં કોલેજોની સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં વધુ પ્રમાણમાં છે.

વિવિધ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને વાત કરીએ તો ગુજરાતમાં ૨૧ જેટલી ક્ષેત્રીય યુનિવર્સિટીઓ છે. જેમકે, કૃષિ, આયુર્વેદ, સંસ્કૃત, ચિલ્ડ્રન, ફોરેન્સિક સાયન્સ, રક્ષા, ટીચર, સ્પોર્ટ્સ, યોગા, મેનેજમેન્ટ, કામધેનું વગેરે.

ગુજરાતમાં ઉચ્ચ અને ટેકનીકલ ઇન્સ્ટીટયુટમાં કુલ ૧૫.૬૬ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં ૪૨ ટકા જેટલી છોકરીઓ છે. જે સૂચવે છે કે ગુજરાતમાં કન્યા કેળવણી સારા પ્રમાણમાં છે. આંકડાની રીતે વાત કરીએ તો ગુજરાતમાં કુલ વિદ્યાર્થી સંખ્યા ૧૫,૬૬,૫૫૪ હતી. જેમાં ૯,૦૬.૮૭૪ છોકરાઓ અને ૬.૫૯.૬૮૦ છોકરીઓ હતી. આ સંખ્યાને લેવલ પ્રમાણે વહેંચીએ તો ગ્રેજ્યુએટમાં ૧૧,૧૨,૫૨૮, પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૧,૮૦,૫૦૪, ડિપ્લોમામાં ૧.૪૬.૫૦૮, ઇન્ટીગ્રેટેડ કોર્સમાં ૧૦૭૪૯, પીજી ડિપ્લોમામાં ૮૫૪૪, એમ.ફીલ.માં ૧૨૫૭ અને પીએચ.ડી.માં ૫૧૬૯ જેટલી સંખ્યા હતી. આ સંખ્યાને અભ્યાસના પ્રવાહ મુજબ વહેંચીએ તો આર્ટસ, માનવ વિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાનમાં ૧૯ ટકા (૨૭૨૮૬૭), એન્જીનીયરીંગ અને ટેકનોલોજીમાં ૨૬ ટકા (૩૬૧૨૧૯), કોમર્સમાં ૨૩ ટકા (૩૨૫૭૩૫), વિજ્ઞાન પ્રવાહમાં ૦૯ટકા (૧૨૩૪૯૧), આઈટી અને કમ્પ્યૂટરમાં ૦૫ ટકા(૬૪૦૭૪), મેડીકલ

સાયન્સમાં ૦૬ ટકા(૭૯૧૧૭), મેનેજમેન્ટમાં ૦૪ ટકા૫૩૧૩૫), લો – કાયદાશાસ્ત્રમાં ૦૨ ટકા (૨૬૩૬૫), શિક્ષણમાં ૦૨.૫ ટકા(૩૫૭૬૦) અને અન્ય વિદ્યાશાખાઓમાં ૦૪.૫ ટકા (૬૫૯૪૧) વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. અહી નોધ એ લેવા જેવી છે કે, વિદ્યાર્થીઓનો સૌથી વધારે પસંદગીનો પ્રવાહ એન્જીનીયરીંગ અને ટેકનોલોજી છે.જયારે કાયદાશાસ્ત્ર અને શિક્ષણ સૌથી ઓછી પસંદગીનો પ્રવાહ છે.

સામાજિક કેટેગરી મુજબ વિદ્યાર્થીના પ્રવેશની વાત કરીએ તો, સામાન્ય એટલેકે ઓપન કેટેગરીમાં કુલ ૯૨૭૬૨૯ જેમાં ૮૬૫૪૩૨ છોકરાઓ અને ૬૨૧૬૯૭ છોકરીઓ હતી. એસ.સી. કેટ્ગ્રીની કુલ સંખ્યા ૧.૩૦.૨૫૩ હતી જેમાં ૭૪૨૪૩ છોકરાઓ અને ૫૬૦૧૦ છોકરીઓ હતી. એસ.ટી. કેટેગરીની કુલ સંખ્યા ૧.૨૭.૧૪૯ હતી. જેમાં ૬૪૫૪૬ છોકરાઓ અને ૬૨૬૦૩ છોકરીઓ હતી. ઓબીસીમાં ૪.૨૩.૭૬૩ કુલ સંખ્યામાંથી ૨૫૬૩૦૭ છોકરાઓ અને ૧૬૭૪૫૬ છોકરીઓ હતી. વિકલાંગ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૫૯૭ હતી જેમાંથી ૧૦૪૨ છોકરાઓ અને ૫૫૫ છોકરીઓ હતી. મુસ્લિમ કેટેગરીમાં કુલ સંખ્યા ૩૩.૦૩૭ માંથી છોકરાઓ ૨૦૧૮૩ અને છોકરીઓ ૧૨૮૫૪ હતી. અન્ય લઘુમતી કેટેગરીમાં કુલ સંખ્યા ૬૪૫૩ માંથી ૩૬૨૩ છોકરાઓ અને ૨૮૩૦ છોકરીઓ હતી. જયારે પરદેશમાંથી ૭૬૮ છોકરાઓ અને ૨૮૭ છોકરીઓ અભ્યાસ માટે ગુજરાતમાં આવ્યા હતા. ઉપરોક્ત આંકડાઓ જોતા દેખાઈ આવે છે કે, એસ.સી. અને એસ.ટી. કેટેગરીની સંખ્યા લગભગ સરખા જેવી છે. જે કુલ સંખ્યાના ૮.૫ ટકા જેટલી છે. તો ઓબીસીમાં કુલ સંખ્યાના લગભગ ૨૮ ટકા જેટલો પ્રવેશ હતો. ૨૦૧૦-૧૧ ની સરખામણીએ અનામત કેટેગરીમાં સંક્યામાં સારા એવા પ્રમાણમાં વધારો થયેલ છે. એનો અર્થ એ પણ કરી શકાય કે, ત્યાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, વધુ પ્રમાણમાં વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લેતા થયા છે.

ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થી અને શિક્ષકનું પ્રમાણ ૨૬.૯૨ :૧ નું છે. એટલે કે ૨૭ વિદ્યાર્થીએ ૦૧ અધ્યાપક છે. અન્ય રીતે જોઈએ તો ગુજરાતમાં કુલ ૫૬૦૦૦ કુલ અધ્યાપકો છે. જેમાં પુરુષ અધ્યાપકોનું પ્રમાણ ૬૪ ટકા જેટલું છે. આ સંખ્યામાં પ્રાયવેટ યુનિવર્સિટી અને કોલેજોની પણ ગણતરી કરવામાં આવેલ છે. ટેકનીકલ શિક્ષણ વિદ્યાર્થીઓની પસંદગીનો વિષય હોવાથી ગુજરાતમાં સરકારી કોલેજો ૫૦ છે, સરકારી અનુદાનિત ૨૭ છે, પ્રાયવેટ અનુદાનિત ૦૩, સ્વનિર્ભરની સૌથી વધુ સંખ્યા છે જે ૪૧૧ છે. યુનિવર્સિટી દ્વારા સંચાલિત સરકારી સહાય લેતી ૧૦ કોલેજો અને યુનિવર્સિટી દ્વારા સંચાલિત પરંતુ પ્રાયવેટ ૦૪ કોલેજો છે. આમ તેક્નીક્લની કુલ ૫૦૫ જેટલી કોલેજો છે.

ગુજરાતમાં સૌથી વધુ કોલેજો ધરાવતી યુનિવર્સિટી ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી છે જેમાં ૪૩૮ કોલેજો જોડાયેલ છે. બીજા નંબરે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત છે જેમાં કુલ ૩૪૪ કોલેજો જોડાયેલી છે. જયારે સૌથી ઓછી કોલેજો ધરાવતી યુનિવર્સિટી છે. તેવી જ રીતે ગુજરાતમાં સૌથી વધારે ૩૧૫ કોલજો અને ૧૬ યુનિવર્સિટી ધરવતો જિલ્લો અમદાવાદ છે, જયારે સૌથી ઓછી ૦૧ જ કોલેજ ધરાવતો જીલ્લો ગીર સોમનાથ છે, દ્વારકા જીલ્લામાં માત્ર ૦૨ કોલેજો છે તો છોટાઉદેપુર જીલ્લામાં ૦૩ કોલેજો છે. ૨૦૧૧-૧૨ના વર્ષમાં ગુજરાતમાં કુલ ૧૯૮૭ કોલેજો હતી, જે ૨૦૧૫-૧૬માં ૨૪૩૨ જેટલી થઇ છે. આમ પાંચ વર્ષમાં આશરે ૫૦૦ જેટલી કોલેજોમાં વધારો થયો છે. ગુજરાતમાં સૌથી પહેલાં સ્થપાયેલ યુનિવર્સિટી છે ગૂજરાત વિદ્યાપીઠ (૧૯૨૦), આઝાદી પછી ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ અને વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી બન્ને ૧૯૪૯માં સ્થપાયેલ છે.